
ગાંધીનગર સમાચાર

તા. ૨૯-૭-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### જાસૂસી એ નીતિશાસ્ત્ર સંમત અનિવાર્ય અનિષ્ટ છે

આપણા જનજીવનમાં પરસ્પર વિરોધી માન્યતાઓ સમાંતર રીતે ચાલતી રહે છે. વિચક્ષણ રાજનીતિશાસ્ત્રી ચાણક્ય કહે છે : સગા ભાઈનો, પત્નીનો કે પુત્રનો પણ વિશ્વા કરવો નહીં. કોણ કયારે દગો દઈ જાય એનું કંઇ જ નક્કી નહીં! તેથી રાજાએ તો દરેકની રોજેરોજ જાસૂસી કરાવવી. બીજી તરફ 'વિશ્વાસ જગતનો શ્વાસ છે' અને 'વિશ્વાસે વહાણ ચાલ્યાં જાય' જેવી ઉક્તિઓ પણ આપણે રોજેરોજ વાપરતા ફરીએ છીએ. રાજકારણ દગા-પ્રપંચ અને કૂટનીતિથી ખદબદતું ક્ષેત્ર છે. એટલે એમાં જાસૂસીતંત્ર અત્યંત મહત્ત્વનું બની રહે છે. આ જાસૂસો અથવા ગુપ્તચરો રાજાના કાન કહેવાયા છે. રાજયમાં બનતી તમામ સારીનરસી બાબતોથી એ રાજાને વાકેફ રાખે છે. ગુપ્તચરતંત્ર એ પ્રસાશનનું એક અનિવાર્ય અંગ બની ગયું છે. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં આ ગુપ્તચરતંત્ર ઘણો ભાગ ભજવે છે. જાસૂસી કરવા માટે અગાઉ ફક્ત માણસો પર આધાર રાખવો પડતો હતો. હવે એ કામ યંત્રો અને ઉપગ્રહો દ્વારા સંપન્ન થાય છે. અલબત્ત, એથી જાસૂસોનો મહિમા ઘટ્યો નથી. સરકારની એલઆઈબી, સીઆઈડી, આઈબી કે રૉ જેવી સંસ્થાઓ વિવિધ સ્તરે આ કામ કરતી રહે છે. રાજદ્વારી મહાનુભાવોની જાસૂસી એ કોઈ નવો વિષય નથી. અગાઉ આવી જાસૂસી થતી રહી છે અને આજે પણ એ પરંપરા ચાલુ જ હોય એમાં કોઈને આશ્ચર્ય ન થવું જોઈએ. ચિંતા ફક્ત જેની જાસૂસી થતી હોય તે વ્યક્તિને જ થતી હોય છે. ચંદ્રશેખર વડાપ્રધાન હતા ત્યારે રાજીવ ગાંધીએ પોતાની જાસૂસી થતી હોવાનું આળ મૂક્યું હતું. બે પોલીસવાળાઓ શકમંદ હાલતમાં પકડાયા પણ હતા. આખરે ચંદ્રશેખરે 'ધૂળ પડી તમારા ટેકામાં' કહી એમનું સમર્થન પાછું ઠેલી સત્તા છોડી દેવામાં શ્રેય માન્યું હતું. આવી જાસૂસી અગાઉ પ્રણવ મૂખરજીના કાર્યાલયમાં પણ થયેલી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીના અધિકૃત નિવાસ સ્થાનેથી આવી જાસૂસી કરાવાતી હોય એવી શંકાને સમર્થન સાંપડ્યું છે. એમના બંગલામાં હાઈ પાવર લિસનિંગ ડિવાઈસ ગોઠવાયેલી મળી આવી છે. નીતિન ગડકરી ખૂણે બેસીને ગોપનીય ચર્ચા કરતાં હોય તે પણ સરકારની જાસૂસીજાળમાં રેકોર્ડ થઈ જાય. આ ડિવાસઈ કહેતા સંયંત્રની જાણ થતાં જ ગડકરીએ એ વિશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા સંઘ પ્રમુખ મોહન ભાગવતને વાકેફ કર્યા છે. પછી આ મુદ્દે મીડિયામાં ઊછળતાં આવું કશું જ નહીં મળ્યું હોવાનું બયાન પણ આવ્યું છે. દાળમાં જરૂર કંઈક કાળું છે! પરંતુ બાંધી મૂઠીનો ભેદ ખૂલી ન જાય અને ઘીના ઠામમાં ઘી પડી રહે એવા હેતુથી ગડકરીએ ફેરવી તોળ્યું હોય તો બનવાજોગ છે. ભારતીય જનતા પાર્ટી માટે ટ્રબલશૂટરની ભૂમિકામાં રહેતા આવેલા સુબ્રણ્યમ સ્વામીએ આ 'દૃષ્કૃત્ય' અગાઉની યુપીએ સરકારનું હોવા વિશેની આશંકા દર્શાવી છે. દેખીતું છે કે એમને બધે જ યુપીએનો જ દોષ દેખાય. શંકાની સોય અમેરિકાની જાસૂસી એજન્સી સીભાઈએ તરફ તકાઈ છે. નેશનલ સિક્યોરીટી એજન્સી સાથે મળીને ભાજપના મોટા નેતાની જાસૂસી કરાવાઈ હોવાના સમાચારમાં તથ્ય હોય તો આમાં ભૂતપૂર્વ યુપીએ સરકારને છાંટા ઊડી શકે છે. બીજી તરફ સોનિયા ગાંધીએ યોજેલ ઈફતાર પાર્ટીમાં પૂર્વ વડાપ્રદાન ડૉ. મનમોહનસિંહે એમની મૌની બાબાવાળી ઈમેજથી વિપરીત આ મુદ્દે તપાસ થવી જોઈએ - એવું નિવેદન કર્યું છે. વિપક્ષ મોદી સરકારને ઘેરવા માટેના આવા નાના મુદ્દાઓ પણ જતા ન જ કરે એ સમજી શકાય એમ છે. જો કે સરકારના હાથ લાંબા હોય છે. એ ધરાર ગડકરીની જાસૂસી કરાવતી હોય તો પણ ગડકરી કશું કરી શકે એમ નથી. કોંગ્રેસ સહિતના વિરોધીઓ જાસૂસીના મુદ્દે હોબાળો મચાવે એથી મોદી સરકારનાં પેટનું પાણી સુદ્ધાં હાલવાનું નથી. બધા જ જાણે છે કે સરકાર સરખી રીતે ચલાવવા માટે જાસૂસી તો કરાવવી જ પડે, અને તે ફક્ત વિરોધીઓની જ નહીં, પોતીકાંની પણ કરાવવી પડે. એમાં નીતિશાસ્ત્રનો કયાંય ભંગ થયો નથી!





ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ લેકાવાડામાં વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. વધી રહેલા પ્રદૂષણથી મુક્તિ મેળવવા માટે ફક્ત એક જ ઉપાય છે. અને તે પણ વૃક્ષારોપણ. ત્યારે સ્કૂલના ધોરણ-૧ થી ૧ ૨ ના વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર સપ્તાહ દરમિયાન વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. તેમજ આપણા જીવનમાં વૃક્ષોનું મહત્વ વિષય પર વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## અમદાવાદ એમ.બી. પટેલ મહાવિદ્યાલયમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો આવકારોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૮ મેનાબા બબાબાઈ પટેલ રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજય મહાવિદ્યાલય અમદાવાદ ખાતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો આવકારોત્સવ યોજવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને કોલેજના વિવિધ અભ્યાસક્રમોથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થતા વિવિધ કોલેજોમાં વિદ્યાર્થીઓનો આવકારોત્સવ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી મહાવિદ્યાલયમાં પ્રવેશ કરતા વિદ્યાર્થીઓને કોલેજના શિક્ષણ કાર્યથી વાકેફ કરવામાં આવે છે તેમજ





વિદ્યાર્થી કોલેજમાં દૂધમાં સાકર ભળે તેવી રીતે ભળી જઈ શિક્ષણ મેળવે તેવા પ્રયાસો રૂપે આવકારોત્સવ યોજવામાં આવે છે.

અમદાવાદ એલિસબ્રીજમાં આવેલ રાષ્ટ્રભાષા હિન્દી ભવન સ્થિત એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજય મહાવિદ્યાલયમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ બી.એ., બી.કોમ અને એમ.એ.ના વિદ્યાર્થીઓને ગુલાબ ફુલ આપી આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. યોગેશભાઈ રાજગોરે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આજના યુગમાં શિક્ષણ સિવાય બધું જ નકામું છે. તેમજ ઘરની સંપત્તિમાં ભાગ પડશે પણ શિક્ષણમાં કોઈનો ભાગ હોતો નથી.

ડૉ. સુધાસિંહે કોલેજમાં ચાલતા વિષયો અને અધ્યાપકોનો પરિચય આપ્યો હતો. ડૉ. ભાગીરથીબેન ભટ્ટે એન.એસ.એસ., ડબલ્યુ.ડી.સી., ઈંગ્લીશ કાઉન્સિલીંગ કલબ-રાષ્ટ્રભાષા અકાદમીથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કોલેજના વિદ્યાર્થી સંજય કોરી અને ઉપાસના ભટ્ટે પોતાના અભિપ્રાય આપ્યા હતા. કાર્યક્રમનું રસભર સંચાલન પ્રા. ડૉ. જિનેન્દ્ર જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

## બી.પી. કોલેજમાં સી.મેટ. મોકટેસ્ટ યોજાઈ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બી.સી.એ. કોલેજ, સેકટર-૨૩-ગાંધીનગરના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજના સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ સેલ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા માસ્ટર ડિગ્રીમાં પ્રવેશ લેવા માટેની સી.મેટ. મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના સેમિસ્ટર-૫ના ૩૫૦થી વધારે વિદ્યાર્થીઓએ આ ટેસ્ટ આપીને પોતાના નોલેજની ચકાસણી કરી હતી. સી.મેટ. મોક ટેસ્ટના આયોજન માટે વિપુલ પ્રજાપતિ, જૈમિની કુલકર્ણી, અભિજીતસિંહ જાડેજા, રીચા મહેતા અને રૂપેશ વ્યાસનો સહયોગ સાંપડયો હતો. તેમજ સંસ્થાના ડાયરેકટર ડો. એન.એન. જાનીએ માર્ગદર્શન પુરું પાડયું હતું.

## ફળ પરિક્ષણ તાલીમ વર્ગો યોજાયા


ગાંધીનગર, તા. ૨૮ સેકટર-૭ સ્થિત શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં ફળ પરિક્ષણના તાલીમ વર્ગો યોજવામાં આવ્યા હતા. કોલેજમાં આવેલ હોમ સાયન્સ વિભાગ દ્વારા ગુજરાત રાજય બાગાયત વિભાગના સહયોગથી ગત તા. ૧૮ થી ૨૧ જુલાઈ દરમિયાન ફળ પરિક્ષણના વર્ગો યોજાયા હતા. તાલીમ વર્ગોમાં ફળને ખરીદતી વખતે શું ધ્યાનમાં રાખવુ જોઈએ અને તેનું પરિક્ષણ કેવી રીતે કરવામાં આવે તેની માહિતી આપવામાં આવી હતી. કુલ ૭૦ વિદ્યાર્થીનીઓ તાલીમ વર્ગોમાં જોડાઈ હતી. તમામને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, બાગાયત વિભાગના શ્રીમતી ચેતના ચૌધરી, હોમ સાયન્સ વિભાગના પ્રતિમા છનિયારા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. તારાબેન દેસાઈએ કર્યું હતું.

## હરિની દૃષ્ટિ...





**આમ તો હુ મહાદેવની ભક્તિ કરવા કાયમ માટે હિમાલય જતો રહેવાનો હતો... પણ લોકોને કહેતા સાંભળ્યા કે 'અચ્છે દિન આયેંગે', તો રોકાઇ ગયો...!!**



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. માલતી દેવી જ્ઞાનપીઠ પુરસ્કાર ૨૦૧૪ કયા ક્ષેત્ર સાથે સંબંધ ધરાવે છે?
➜ **શિક્ષા**

૨. વર્ષ ૨૦૧૪માં કયા જેલમાં બંધ કેદીઓના બાળકો માટે નાણાંકીય સહાય આપવા માટે યોજનાની શરૂઆત કરી છે?
➜ **દિલ્હી**

૩. વર્ષ ૨૦૧૪માં ભારતના નવા એટર્ની જનરલપદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **મુકુલ રોહતંગી**

૪. વર્ષ ૨૦૧૪માં ઈન્ટરપોલના નવા અધ્યક્ષ પદે કોની પસંદગી કરવામાં આવી છે?
➜ **જૂએર્ગેન સ્ટોક**

૫. વર્ષ ૨૦૧૪ ભારતના કયા રાષ્ટ્રીય ઉદ્યાનને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ કરવામાંઆવ્યુંછે?
➜ **ગ્રેટ હિમાલયન રાષ્ટ્રીય ઉદ્યાન**

૬. વિશ્વ શાંતિ ૨૦૧૪ની જાહેર થયેલ યાદીમાં ભારતનો ક્રમ કયો છે?
➜ **૧૪૩**

૭. ૨૦૧૪માં વિશ્વના કયા દેશમાં શિયાળું ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું હતું ?
➜ **રશિયા (સોચી શહેર)**

૮. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય કોર્ટે વિવાદાસ્પદ કિશનગંગા નદી પર ડેમ બાંધવાની ભારતને મંજૂરી આપી છે. તે કિશન ગંગા નદીકયા રાજયમાં આવી છે ?
➜ **જમ્મુ-કાશ્મીર**

૯. ૨૦૧૪માં વર્ષ ૨૦૧૩નો સ્ટાર ઓફ ધ મિલેનિયમ એવોર્ડ કોને આપવામાં આવ્યા હતો ?
➜ **અમિતાભ બચ્ચન**

૧૦. ૨૦૧૪માં ભારત ખાતેનો પાકિસ્તાનના નવા હાઈ કમિશ્નર તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે ?
➜ **અબ્દુલ બાસિત**

૧૧. ૨૦૧૪માં પાકિસ્તાનને કચડી ભારત સતત કેટલામી વાર કબડ્ડી વિશ્વકપમાં ચેમ્પિયન બન્યું હતું
➜ **ચોથી વાર**

૧૨. ૨૦૧૪માં હોલ ઓફમાં ઓસ્ટ્રેલિયાના કયા પૂર્વ ક્રિકેટરનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
➜ **એડમ ગિલક્રિસ્ટ**

૧૩. ૨૦૧૪માં દક્ષિણ કોરિયાના સદ્ભાવના દૂત તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
➜ **શાહરૂખ ખાન**

૧૪. ૨૦૧૪માં મુંબઈ નજીક સિંધુરત્ન સબમરીનની ઘટનાની સ્વૈચ્છિક જવાબદારી સ્વીકારતા કોણે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું ?
➜ **નૌસેના પ્રમુખ ડી.કે. જોષી**

૧૫. ૨૦૧૪માં ભારત સરકારે કેન્દ્રી કોટા ઓબીસીમાં કઈ જાતીનો સમાવેશ કરવા મંજુરી આપી છે ?
➜ **જાટ સમુદાય**

૧૬. ૨૦૧૪માં લેખક સમીર કોર્ચર દ્વારા લિખિત નરેન્દ્ર મોદીના કયા પુસ્તકનું તાજેતરમાં અરૂણ જેટલીએ વિમોચન કર્યું હતું ?
➜ **મોદી નોમિક્સ (Modi Nomics)**

૧૭. સમગ્ર ભારતમાં સંપૂર્ણપણે બાયોગેસનો ઉપયોગ કરતું પહેલું ગામ કયું છે ?
➜ **ભિત બુદ્ધક**

૧૮. વર્ષ ૨૦૧૪માં કયારે વિશ્વ કાચબા દિવસ મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૩ મેના રોજ**

૧૯. વર્ષ ૨૦૧૪માં નાગાલેન્ડનાં નવા મુખ્યમંત્રી પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **ટી.આર. જિલીયાંગ**

૨૦. વર્ષ ૨૦૧૪માં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાજીવ માથુરની કયા પદ પર નિયુક્તિ કરવામાં આવી છે?

# સંસ્કૃતિનું નગર એટલે જ ગાંધીનગર

ગાંધીનું આ નગર અહીં રહેનાર સૌને ગમતું, ભાવતું અને ફાવતું મનપસંદ નગર છે. લીલાછમ્મ નગરમાં હર્યાભર્યા વૃક્ષો અને હર્યાભર્યા માણસોનો વસવાટ! હર્યાભર્યા માણસો એટલા માટે કે કુટુંબની કાળજીપૂર્વક જવાબદારી નિભાવનારા સંયુક્ત કુટુંબો અહીં વસે છે! અને આ જ પરંપરા અનુસરા અહીંના લોકો માત્ર કુટુંબની જવાબદારી જ નહિ પરંતુ, સમાજના અન્ય લોકોની જવાબદારી પણ સભાનતાપૂર્વક સ્વીકારે છે. આ જવાબદારી એટલે સમાજને શારીરિક તેમજ માનસિક રીતે સજ્જન કરવાની જવાબદારી. અત્યારની જ વાત કરીએ તો આજના આ મોર્ડન યુગમાં શહેરમાં કેટલીય એવી સંસ્થાઓ કાર્યરત છે કે જેઓ આ શહેરના યુવાનોની ચિંતા કરે છે અને તેમની કેળવણી આપવાનું તેમ જ guidance આપવાનું કાર્ય પણ કરે છે. અને આ પ્રકારનાં કાર્ય માટે તેઓ નક્કર પગલા લેવા યોગ્ય જહેમત પણ ઉઠાવતા જ રહે છે, માત્ર વાતોના વડા નહિં! GPSC ની કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં યુવાનોને આ પ્રકારની સંસ્થાઓ યોગ્ય મદદ પૂરી પાડે છે અને સૌથી વધુ અગત્યની બાબત તો એ છે કે આ પ્રકારની મદદ કરવામાં તેઓ આર્થિક ગણતરી પણ સાવ થોડી અથવા નહિવત્ પ્રમાણમાં જ કરતા હોય છે. અહીં સંગીતની સરવાણી વહે છે. કલ્ચરલ ફોરમ જેવી સંસ્થાઓ સાહિત્યિક અને મનોરંજક કાર્યક્રમોની સાથોસાથ નૃત્ય, નાટક અને બીજી અનેક કલાઓનું શિક્ષણ આપવાની જવાબદારી પણ સ્વૈચ્છાઓ જ સ્વીકારે છે. શિવરંજની અને કલાગુર્જરી જેવી સંસ્થાઓ સુગમ, શાસ્ત્રીય સંગીત અને આપણા લોકસંગીતના સૂર રેલાવવાનું આયોજન નગરનો માટે ઉત્સાહ, ઉમંગ અને કાળજીપૂર્વક કરે છે. બાબુભાઇ જશભાઇ પટેલ જેવા ગુણિયલ અને ગાંધીવાદી માનવીની દેખરેખ હેઠળ જે છોડનો ઉછેર થયો હોય તેમાં આવા બધાં વૈવિધ્યસભર પુષ્પો ન ખીલે તો નવાઇ! આ ભૂમિ કંઇક આવી છે...

ચાલો, આપણે વીખરાઇ જઇએ
આ વિશાળ ધરતીના પટ ઉપર.
દરેકને ખુલ્લું આકાશ આપવામાં આવશે આળોટવા માટે
દરેકને એક નાનું ઘર આપવામાં આવશે -
પ્રેમની ઇંટોથી ચણવા માટે.
દરેકને એક નદી સાથે નાતો આપવામાં આવશે
જેના જળને હોટ ઉપર મૂકી
અંતિમ સમયે ચેનથી નયન બીડી શકાશે.

**- બિપિન પરીખ**

જયારે આ શહેર વિષે વાત કરીએ ત્યારે એક કુશળ ઇજનેર તથા એક કુશળ આર્કિટેક્ટની સ્મૃતિ જરૂરી થાય છે. શ્રી એમ.ડી. પટેલ તથા શ્રી એચ.કે. મેવાડા એ બંને સરકારી અધિકારી હોવા છતાં ગાંધીનગરનું નિર્માણકાર્ય તેઓએ અત્યંત ખંતપૂર્વક એક ( ) ની જેમ કર્યું એવું ઘણાં જાણકાર લોકો માને છે. શહેરની રચના જુદા-જુદા સેકટરોમાં થયેલી છે. દરેક સેક્ટર પોતે જાતે જ એક નગર જેવું છે. સેક્ટર હોય ત્યાં શોપિંગ સેન્ટર હોય, સેક્ટર હોય ત્યાં લીલાછમ્મ બગીચાઓ પણ હોય! આ શહેરનું આયોજન કરનારાઓનાં મનમાં શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પણ ખ્યાલ રહ્યો જ હશે! તેથી જ તો દરેક સેક્ટરમાં એક રંગમંચ પણ બનાવવામાં આવેલ છે. જાહેર મિલકતોની જાળવણીમાં આપણે સામાન્ય રીતે થોડી ઓછી કાળજી લેનારા છીએ!

**વિચારસભા**

**નેહલ જયદીપ ગઢવી**

આથી આજે ઘણા રંગમંચોનું માળખું 'ઉમરલાયક' દેખાવા લાગ્યું છે. ફરી એ તરફ લોકોનું ધ્યાન ગયું છે અને રાજય સરકારનું પણ ગયું છે! આથી કેટલાક રંગમંચોને પુનઃ સારી સ્થિતિમાં લાવવાનું કામ હાથ પર લેવામાં આવ્યું છે તેવા સારા સમાચારો પણ મળે છે. આવનારા દિવસોમાં ગાંધીનગરની પ્રાથમિક શાળાઓમાં ભૂલકાઓ આ રંગમંચનો ઉપયોગ કરી શકશે તેવી આશા રાખવી જોઇએ. આ ઉપરાંત, આપણે સૌએ સાથે મળીને એ દિશામાં પ્રયાસો પણ કરવા જોઇએ. જાળવણીની બાબત આપણા જાહેર બગીચાઓને પણ એટલી જ લાગુ પડે છે, અહીં પણ તંત્રની સાથે લોકસહયોગ જોડવામાં આવે તો ધાર્યા પરિણામ મળી શકે! આ બગીચાઓ શહેરની સહિયારી સંતતિ છે અને તેથી તેને જાળવવીની જવાબદારી પણ આપણા સૌની સહિયારી છે.

પ્રાચીન કાળથી જ ભારતમાં યોગ અને અધ્યાત્મનું મહત્ત્વ વિશેષ રહ્યું છે. ગાંધીનગરમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિઓને ખૂબ વેગ મળ્યો છે. ગાયત્રી મંદિર કે અરવિંદ કેન્દ્ર જેવા સ્થળોએ લોકો નિયમિતપણે યોગનું પ્રશિક્ષણ મેળવી શકે છે. ગાંધીનગરમાં અક્ષરધામ, ધોળેશ્વર અને પંચદેવ મંદિર જેવા આધ્યાત્મિક આત્મબળ પ્રેરી શકે તેવા સુંદર મંદિરો પણ છે. જયાં લોકો ભક્તિભાવ પૂર્વક પૂજા-અર્ચના કરે છે. આ ઉપરાંત અહીં ચાલવા માટે પુનિત વન તેમજ સંત-સરોવર જેવા રમણીય સ્થળો છે. જયાં લોકો Walking માટે, exercise માટે કે Fresh થવા માટે પણ સરળતાથી જઇ શકે, ગાંધીનગરમાં વસવાટ કરનાલા લોકો અત્યંત શાંતિપ્રિય તેમ જ આરોગ્યપ્રદ જીવનશૈલી પસંદ કરતાં હોવાને લીધે શહેરમાં ઘોંઘાટ તેમજ પ્રદૂષણનું પ્રમાણ અન્ય શહેરો કરતાં ઘણું ઓછું જણાય છે. ધાર્મિક અને આધ્યાત્મિક પવિત્રતાને કારણે જ આ શહેર હજુ પણ પોતાના મુળ સંસ્કારોને જાળવી રાખવામાં સફળતા પ્રાપ્ત કરી શક્યું છે. ગાંધીનગરમાં આજે પણ કોલેજમાં અભ્યાસ કરતો જુવાન છોકરો પોતાની બાઇક પર મમ્મીએ આપેલો ઘઉંનો ડબ્બો દળાવવા માટે આપવામાં કોઇ પણ જાતનો સંકોચ અનુભવતો નથી. ડાન્સ, ડી.જે. અને પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણ વચ્ચે આજે પણ અહીંનો યુવાવર્ગ બા-દાદા સાથે મંદિરોમાં જતો જોવા મળે છે. જે આનંદની સાથોસાથ વિશેષ ગર્વની બાબત પણ ગણી શકાય.

ગુજરાતમાં નવરાત્રી એ અબાલ-વૃદ્ધ સૌને માટે ખુબ અગત્યનો તહેવાર ગણાય છે. આનંદ અને શક્તિની ઉપાસનાનું આ પર્વ સૌ ખૂબ ઉત્સાહપૂર્વક માણે છે. તેમાંયે ગાંધીનગરની નવરાત્રી તો આજે પણ પોતાની સભ્યતા અને સલામતી માટે પ્રખ્યાત છે. તેમાંય ખાસ કરીને, કલ્ચરલ ફોરમનાં ગરબામાં આઠમની રાતે થતી મહાઆરતી આખા વર્ષની સૌથી વધુ આહલાદક્ પળ સૌ નગરજનો માટે બની રહે છે! આ મહાઆરતીમાં સૌ ઉલ્લાસપૂર્વક ભાગ લઇને આખા વર્ષ માટે આધ્યાત્મિક ઊર્જાનો સંચય કરે છે! પ્રથમવાર આ મહાઆરતીમાં સંમિલીત થનાર વ્યક્તિ તો આ અલૌકિક વાતાવરણને જોતાં જ અચંબિત થઇ જાય છે! દરેકને માટે આ એક આગવો-અનોખો ચિરસ્મરણીય અવસર બની રહે છે! આ ઉપરાંત ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિ નિમિત્તે પ્રાર્થનાસભાનું સુંદર આયોજન પણ કલાગુર્જરી નામની સંસ્થા દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોથી સફળતાપૂર્વક કરવામાં આવે છે. સવારનો સુંદર સુકોમળ તડકો, શીતળ મંદ-મંદ પવન અને સફેદ વસ્ત્રોમાં સજ્જ ગાંધીનગર શહેરનાં સુજ્ઞ નગરજનો! સૌ કલાકારો તથા નગરજનો સાથે મળીને જયારે રામધૂન ગાતા હોય ત્યારે પોતાનામાં કોઇ અદ્ભૂત દિવ્યતાની અનુભૂતિ તેઓ ચોક્કસ કરતાં હશે!

**ગાંધીનું આ નગર અહીં રહેનાર સૌને ગમતું, ભાવતું અને ફાવતું મનપસંદ નગર છે**

● અનુસંધાન પાના - ૭ પર